જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦   ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૪/૨૦૧૮ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-   સમાચાર યાદી નં.૬૬૬/૧૮

નિકોલ પોલીસ સ્ટેશન :-

નિકોલ પો સ્ટેશનની પોલીસે હારજીત નો જુગાર રમતા ૦૯ જુગારીઓ ની કરી ધરપકડ

આજ રોજ મે પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા મે અધીક પો કમિશ્નર શ્રી સેક્ટર-૨ અમદાવાદ શહેર તથા મે. ના. પો. કમિશ્નર શ્રી ઝોન-૫ અમદાવાદ શહેર તથા મે મદદનીશ પો કમિશ્નર શ્રી આઇ ડીવીઝન અમદાવાદ શહેર તથા નિકોલ પો સ્ટેશન ના પોલીસ ઇંસ્પેક્ટર એન.એન. પારગી નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો સાથે પો સ્ટેશન વીસ્તાર માં જુગાર ની પ્રવુત્તી અટકાવવા પો સ્ટેશન વીસ્તાર માં પેટ્રોલીંગ કરી ખાનગી બાતમી આધારે આરોપી (૧) સુરેશભાઈ દેવજીભાઈ હરીજન ઉ.વ.૩૦ રહે, બ્લોક નં ૨૨ રૂમ નં ૭૦૧ ચોથામાળ આંબેડકર આવાસ યોજના ચારમાળીયા મનમોહન ચાર રસ્તા પાસે નિકોલ અમદાવાદ (૨) દિપક ભીખાભાઈ વાઘેલા ઉ.વ.૩૧ ધંધો નોકરી રહે,૧૩/૩૯૪ આંબેડકર આવાસ યોજના ચારમાળીયા મનમોહન ચાર રસ્તા પાસે નિકોલ અમદાવાદ (3) રણજીત ઉર્ફે ગોપાલ નટવરભાઈ વાઘેલા ઉ.વ,૨૦ ધંધો.છુટક મજુરી રહે, ૪/૧૦૪ આંબેડકર આવાસ યોજના ચારમાળીયા મનમોહન ચાર રસ્તા પાસે નિકોલ અમદાવાદશહેર (૪) ઈશ્વર મગનભાઈ હરીજન ઉ.વ,૨૯ ધંધો.-છુટક મજુરી રહે. ૯/૨૭૮ આંબેડકર આવાસ યોજના ચારમાળીયા મનમોહન ચાર રસ્તા પાસે નિકોલ અમદાવાદશહેર (૫) બળદેવભાઈ મચજીભાઈ હરીજન ઉ.વ.૪૫ ધંધો છુટક મજુરી રહે, ૧/૩૦ આંબેડકર આવાસ યોજના ચારમાળીયા મનમોહન ચાર રસ્તા પાસે નિકોલ અમદાવાદશહેર (૬) રણજીત ઉર્ફે કાળુ વિષ્ણુભાઈ દવે ઉ.વ.૫૨ રહે. ઈન્દીરાનગરનો ટેકરો ભાથીજી મહારાજના મંદીર પાસે નિકોલ અમદાવાદશહેર (૭) સુનિલ જગદીશભાઈ ડુંભરેલા ઉ.વ.૩૧ રહે. ૨૭/૮૪૦ આંબેડકર આવાસ યોજના ચારમાળીયા મનમોહન ચાર રસ્તા પાસે નિકોલ અમદાવાદશહેર (૮) રાજુભાઈ પુનાભાઈ ગોહેલ ઉ.વ.૩૭ ધંધો-છુટકમજુરી રહે, ડી/૧૧ આગમનપાર્ક સરણીયાવાસપાસે ઓઢવ અમદાવાદશહેર (૯) મહેશ ઈશ્વરભાઈ સોલંકી ઉ.વ.૩૦ ધંધો-ડ્રાઈવીંગ રહે, ૧૪/૪૪૨ આંબેડકર આવાસ યોજના ચારમાળીયા મનમોહન ચાર રસ્તા પાસે નિકોલ અમદાવાદશહેર નાઓને આરોપી નં (૧) ના કબજા ભોગવટાવાળા મકાન માથી પકડી લઇ અંગઝડતી ના નાણા રૂ.૩૩૬૬૦/- તથા દાવ ના નાણા રૂ.૨૪૨૦/- તથા મોબાઈલ નંગ-૦૬ કિ.રૂ.૩૧.૧૦૦/- તથા ગંજીપાના નંગ-૫૨ કી રૂ ૦૦/૦૦ તથા લાઇટ બીલ કી રૂ ૦૦/૦૦ મળી મળી કુલ્લે કી રૂ,૬૭.૩૮૦ /- તથા જુગાર રમવાના સાધનો સાથે પકડી કાયદેસર ની કાર્યવાહી કરેલ છે તા.૦૬/૦૪/૨૦૧૮

અમદાવાદ જીલ્લામાંથી તડીપાર તથા રામોલ પો.સ્ટેશનના ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપી વિશાલ ઠક્કરને ઝડપી પાડતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ નાઓના માર્ગદર્શન અને અધિક નાયબ પો.કમી શ્રી "કે" ડીવીઝન સાહેબ તથા નારોલ પોલીસ સ્ટેશન પોલીસ ઇંસ્પેકટર શ્રી આર.એ.જાદવ સાહેબ નાઓએ નાસતા ફરતા આરોપીઓ તથા પેરોલ ફર્લો તથા તડીપાર કરેલ આરોપીઓને શોધી કાઢવા સારૂ કરેલ સુચના આધારે પો.સ.ઇ એ.એસ.પરમાર તથા સાથેના અ.હે.કો. નેભાભાઇ મેરામણભાઇ બ.નં.૭૮૦૭ તથા હે.કો ઇંતેખાબ આલમ મુખ્તાર હસન બ.નં.૯૩૫૪ તથા પોકો જીલુભાઇ મેરામભાઇ બનં ૫૫૨૧ તથા પો.કો. અભીજીતસિંહ કાકુભા બ.નં.૬૨૦૭ તથા પો.કો. હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૧૧૮૭ નાઓ સાથે પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન સાથેના પોકો જીલુભાઇ મેરામભાઇ તથા પો.કો. અભીજીતસિંહ કાકુભા નાઓની સંયુક્ત ખાનગી બાતમી હકીકત આધારે વટવા પોલીસ સ્ટેશનમાંથી તડીપાર થયેલ વિશાલ વિનોદભાઇ ઠક્કર ઉવ.૩૨ રહે. મ.નં.૩૬ પ્રગતિનગર સોસાયટી લાંભા ટ્રનીંગની બાજુમાં લાંભા અસલાલી હાઇવે નારોલ અમદાવાદ શહેર નાઓને નારોલ પ્રગતિ નગરના નાકા પાસે જાહેરમાંથી તા.૦૬/૦૪/૧૮ ના ક.૧૮/૦૦ વાગે પકડી અટક કરી ધી જી પી એક્ટ કલમ ૧૪૨ મુજબ ફરિયાદ આપેલ અને તપાસ દરમ્યાન રામોલ પો.સ્ટેશન ફ.ગુ.ર.નં. ૨૧/૧૮ ઇપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબ તથા ફ.ગુ.ર.નં. ૨૨/૧૮ ઇપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુનામાં ઘણા સમયથી નાસતો ફરતો હોવાની કબુલાત કરતો હોય ગુનાની તપાસના કામે રામોલ પો.સ્ટેશન ખાતે વર્ધી લખાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

<u>સુરક્ષા સેતુ રથ:</u>

"એચ" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "એચ" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.